ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૩૧/૦૭/૨૦૧૭

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સતત ૫ દિવસ સ્થળ પર જ કેમ્પ કરીને લોકસેવાના નિર્ણયો લઇ રહ્યા છે ત્યારે કોંગ્રેસે અમદાવાદમાં પ્રેસ કરવાને બદલે મુખ્યમંત્રીશ્રીને કેમ્પમાં જ રજુઆતો કે ફરીયાદો કરી હોત તો સારૂ હતુ – ભરત પંડ્યા**

--------------------

**કોંગ્રેસના લોકોએ ભાજપાના કાર્યાલયો પર દેખાવો કરવાને બદલે અતિવૃષ્ટિની પરિસ્થિતિમાં બેંગલોરના ફાઇવસ્ટાર રિસોર્ટમાં જલસા કરતાં ધારાસભ્યોની સામે દેખાવો કરવા જોઇએ – ભરત પંડ્યા**

--------------------

**કેટલાય મહિનાઓથી ચાલતો આ રાજકીય ઘટનાક્રમ એ કોંગ્રેસનો આંતરિક ઝગડાનો ઘટનાક્રમ છે, કોંગ્રેસના આક્ષેપો, નિવેદનો, દાવાઓ એ નાટ્યાત્મક અને હાસ્યાસ્પદ છે. – ભરત પંડ્યા**

--------------------

**કોંગ્રેસના પોસ્ટરમાંથી શ્રી શંકરસિંહજીનો ફોટો દુર કરવો, નિમંત્રણ કાર્ડમાં કે ગવર્નરશ્રીને આપેલ આવેદનપત્રમાંથી નામો દુર કરવાની સૂચના શ્રી ભરતસિંહ સોલંકીને શું ભાજપે આપી હતી ?**

--------------------

**ભાજપાનો કાર્યકર્તા એ સામાજીક કાર્યકર છે, કમળ એ લોકસેવાનું પ્રતિક છે. કોંગ્રેસ પાણીમાંથી પોરા ન કાઢે. કોંગ્રેસ સેવાકાર્યો ન કરે તો કાંઇ નહિ પરંતુ ભાજપા પર આક્ષેપ કરવાનું બંધ કરે.–ભરત પંડ્યા**

--------------------

**કોંગ્રેસના દિલ્લીના નેતાઓ ગુજરાતમાં આવીને પત્રકાર પરિષદમાં જુઠ્ઠાણા ચલાવે છે અને ગુજરાતના નેતાઓ બેંગલોરમાં જઇને સમગ્ર દેશમાં ગુજરાતને બદનામ કરવાનો નિષ્ફળ પ્રયાસ કરે છે.**

--------------------

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડ્યાએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસના લોકોએ ભાજપાના કાર્યાલયો પર દેખાવો કરવાને બદલે આવી અતિવૃષ્ટિની પરિસ્થિતિમાં બેંગલોરના ફાઇવસ્ટાર રિસોર્ટમાં જલસા કરતાં ધારાસભ્યોની સામે દેખાવો કરવા જોઇએ. ભાજપા કોઇપણ પરિસ્થિતિમાં જનતાની સાથે, જનતાની વચ્ચે અને જનતાની મદદે ઉભી રહેતી હોય છે. ભાજપા માટે સત્તાએ સેવાનું સાધન છે. જ્યારે, કોંગ્રેસ પ્રજાની વચ્ચે કે લોકસેવામાં ક્યાંય દેખાતી નથી. કોંગ્રેસ માટે સત્તા એ ફક્ત ભ્રષ્ટાચારનું સાધન છે. એટલે જ એ ક્યારેય સત્તામાં દેખાશે નહી અને અત્યારના સંજોગમાં કોંગ્રેસ સત્તામાં તો શું વિરોધપક્ષમાં પણ ઉભી રહે તેવું લાગતું નથી.

કોંગ્રેસના શ્રી ભરતસિંહ સોલંકીના નિવેદન સામે પ્રત્યાઘાત આપતાં શ્રી પંડ્યા એ જણાવ્યુ હતુ કે, ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અતિવૃષ્ટિના પ્રથમ દિવસથી જ અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત કરીને સતત ચિંતા કરી રહ્યા છે. હવે સતત ૫ દિવસ અસરગ્રસ્ત વિસ્તારમાં કેમ્પ કરીને લોકસેવામાં વ્યસ્ત છે અને સ્થાનિક કોઇપણ સમસ્યા, રજુઆતો, કે પ્રશ્નોના નિરાકણ માટે ત્યાંથી જ તાત્કાલિક પ્રજાલક્ષી નિર્ણયો લઇ રહ્યા છે અને સમગ્ર તંત્ર લોકસેવામાં ખડેપગે છે. કોંગ્રેસના નેતાઓએ અમદાવાદમાં પ્રેસ કરીને રાજકીય આક્ષેપો કરવા કરતા ત્યાં જ મુખ્યમંત્રીશ્રીને અસરગ્રસ્ત વિસ્તારના કેમ્પમાં જ પોતાની સમસ્યાઓ રજુ કરી હોત તો વધારે સારું હતું. તેમણે માત્ર ફરીયાદ અને આક્ષેપ કરવાને બદલે કોંગ્રેસે અસરગ્રસ્ત વિસ્તારમાં શું કામગીરી કરી ? તેનો ઉલ્લેખ કર્યો હોત તો સારૂ હતુ. પરંતુ કોંગ્રેસ ક્યાંય લોકોની સેવામાં નજરે પડતી નથી અને જે લોકોસેવા કાર્ય કરે છે તેની સામે માત્ર જુઠ્ઠા આક્ષેપો કરીને કોંગ્રેસ પોતાની બેજવાબદારીપણું અને અસંવેદનશીલતાનું પ્રતિબિંબ પાડે છે. રાજ્ય સરકાર તેમજ ભાજપ સંગઠન કોઇપણ પરિસ્થિતિને પહોંચી વળવા કટિબધ્ધ છે તેમ શ્રી પંડ્યાએ જણાવ્યુ હતુ.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



અત્યારે જે રાજકીય ઘટનાક્રમ દેખાય છે એ માત્ર કોંગ્રેસના આંતરિક ઝગડાનો ઘટનાક્રમ છે. કોંગ્રેસ મુક્ત ધારાસભ્યોને કોંગ્રેસના નેતૃત્વ અને નીતિરીતિ સામે આક્રોશ છે અને જ્યારે કોંગ્રેસના નેતૃત્વને ધારાસભ્યો પર તેમજ ધારાસભ્યોની ફરીયાદો પર જવાબ આપવાને બદલે તેઓનું સતત અપમાન અને અવગણના કરીને અવિશ્વાસ પ્રદર્શિત કરે છે. એટલે કે, કોંગ્રેસમાં બંને બાજુમાં અપમાન-અવગણના- અને અવિશ્વાસનું વાતાવરણ છે જે કેટલાય મહિનાઓથી ગુજરાતની જનતા ટી.વી. મીડીયાના માધ્યમથી જોઇ રહી છે.

કોંગ્રેસના જુઠ્ઠા આક્ષેપો સામે તીવ્ર પ્રત્યાઘાત આપતાં શ્રી પંડ્યાએ જણાવ્યું હતુ કે, કોંગ્રેસના પોસ્ટરમાંથી પીઢ નેતા શ્રી શંકરસિંહજીનો ફોટો કાઢી નાખવાની સૂચના ભરતસિંહ સોલંકીજીને શું ભાજપાએ આપી હતી ? કાર્યક્રમમાં નિમંત્રણ કે ગવર્નરના આવેદનપત્રમાં નામ ન લખવાનું શું ભાજપાએ કીધુ હતુ ? કોંગ્રેસ પોતે જ પોતાના પગ પર કુહાડી મારે છે અને પોતાની ભુલો-નિષ્ફળતાઓ છુપાવવા ભાજપા પર ખોટા આક્ષેપો લગાવે છે. કોંગ્રેસે પોતાની ધારાસભ્યોની ફરીયાદો સાંભળી નથી. કોંગ્રેસે પોતાના ધારાસભ્યોને અતિવૃષ્ટિના સમયે પોતાના વિસ્તારમાં જવા ન દીધા અને જનતાની સાથે સંપર્ક-સંવાદ અને પ્રવાસ કરવાને બદલે બેંગલોરના ફાઇવસ્ટાર રીસોર્ટમાં નજરકેદ કરીને રાખ્યા છે, બધા ધારાસભ્યોના મોબાઇલ ફોન પણ બંધ કરાવી છીનવી લીધા છે. જો તેમના ધારાસભ્યોને ગુજરાતમાં અસલામતી છે તેવું બહાનું કાઢીને બેંગલોર લઇ ગયા હોય તો કર્ણાટકમાં તો કોંગ્રેસની જ સરકાર છે. તો ત્યાં તેમને બહાર નીકળવાની કે કોઇની સાથે મળવા મંજુરી કેમ નથી આપતા ? શું કર્ણાટકની કોંગ્રેસ સરકારમાં પણ અસલામતી અનુભવી રહ્યા છે ? કોંગ્રેસના આક્ષેપો, નિવેદનો, દાવાઓ, નાટ્યાત્મક અને હાસ્યાસ્પદ છે.

એક રાજ્યસભાની બેઠક જીતવા માટે કોંગ્રેસ તેના આંતરિક ઝગડાને રોકવાને બદલે પ્રજાને ગેરમાર્ગે દોરવા, ભાજપા પર ખોટા આક્ષેપો લગાવવા, તે કેટલું વ્યાજબી છે. અહેમદ પટેલને જીતાડવા માટે કોંગ્રેસ સમગ્ર ગુજરાતને બદનામ કરે છે. પોતાના ધારાસભ્યોને બાનમાં લીધા છે. કોંગ્રેસના દિલ્લીના નેતાઓ ગુજરાતમાં આવીને પત્રકાર પરીષદોમાં જુઠ્ઠાણા ચલાવે છે, પરંતુ તેની કોઇપણ અસર ગુજરાતની જનતા પર થઇ નથી. માટે કોંગ્રેસના નેતાઓ ગુજરાત બહાર બેંગલોર જઇને ગુજરાતને દેશમાં બદનામ કરવાના નિષ્ફળ પ્રયાસો કરે છે. આ સમગ્ર મુળ મામલો માત્ર કોંગ્રેસના આંતરકલહ અને હારની હતાશાનો છે તે સ્પષ્ટ દેખાઇ આવે છે. અને ગુજરાતની જનતા કોંગ્રેસના નાટ્યાત્મક અને અસંવેદનશીલ ઘટનાક્રમ જોઇ રહી છે.

શ્રી પંડ્યાએ વધુમાં જણાવ્યુ હતુ કે, ભાજપાના કાર્યકર્તા એ રાજકીય નહી પરંતુ સામાજીક કાર્યકર છે. કોઇપણ વ્યક્તિ કે સંસ્થા પોતાના સામાજીક કાર્યક્રમો પોતાના ચિહ્ન હેઠળ કરતી હોય છે. કોંગ્રેસ ક્યાંય કોઇપણ સેવાના કાર્યોમાં નથી, ક્યાંય વિસ્તારમાં દેખાતી નથી, તેના કારણે તે ભાજપાના લોકસેવાના કાર્યોની ઇર્ષા કરે છે અને પોતાની નિષ્ફળતા છુપાવવા ખોટા આક્ષેપો કરે છે. સામાજીક સંસ્થાના ભાગ રૂપે સંગઠનાત્મક વ્યવસ્થાના દ્રષ્ટિકોણના કારણે દરેક જીલ્લા/મહાનગરમાંથી આ પ્રકારની રાહત સામગ્રીની વસ્તુઓની કીટ ભાજપાના કાર્યકર્તાઓ બનાવી રહ્યા છે અને જાતે જ અસરગ્રસ્તોની વચ્ચે રહીને વહેંચી રહ્યા છે. કમળ એ સેવાનું પ્રતિક છે અને તે લગાવવાથી કોંગ્રેસ શું ઇર્ષા થાય છે ? તે સમજાતું નથી. કોંગ્રેસ ''પાણીમાંથી પોરા કાઢવા''ને બદલે સેવા કાર્યો ન કરે તો કાંઇ નહી પરંતુ બીજા જે કરતાં હોય તેની સામે આક્ષેપો કરવાનું બંધ કરે.

(ડૉ. હર્ષદ પટેલ)
મીડીયા વિભાગ